

**વડીલોને વંદન અભિનંદન**


રણછોડભાઈ રેવાભાઈ
(૧૯૩૬)ફોનઃ ૨૩૨૪૧૫૬૯


ભગવાનભાઈ આઈ. પટેલ
(૧૯૪૧)ફોનઃ ૨૩૨૧૦૫૬૬


પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
(૧૯૪૮)ફોનઃ ૨૩૨૨૨૬૪૦


બળદેવભાઈ વી. પટેલ
(૧૯૩૬)ફોનઃ ૨૩૨૨૮૯૯૨

## સુરતથી સીધી નિકાસનો આંક ૧૨૦૦ કરોડ થયો

ફેબ્રીક્સ માટે સૌથી મોટા નિકાસસ્થળ તરીકે યુએઈ ઉભરી આવ્યું છે. સુરતમાંથી જુદા જુદા સ્થળોએ સીધી નિકાસનો આંકડો હવે વધીને ૧૨૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. સંયુક્ત અરબ અમીરાત ભારતીય બનાવટની ચીજવસ્તુઓની નિકાસ માટે સૌથી ટોપ સ્થળ બની ગયું છે. એપ્રિલ-જાન્યુઆરી ૨૦૧૩-૧૪માં નિકાસમાં ૩૫ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ભારતીય એમએમએફ નિકાસમાં એપ્રિલ-જાન્યુઆરી-૨૦૧૩-૧૪માં ૧૩ ટકા સુધીનો વધારો થયો છે અને આંકડો ઝડપથી વધ્યો છે. ઓલઈન્ડિયા પાવર લુમ બોર્ડની બેઠકમાં જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. તાજેતરમાં જ નવી દિલ્હીમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# નરેન્દ્ર મોદી બંને બેઠકો પરથી પરાજિત થશે : મિસ્ત્રીનો દાવો

### નરેન્દ્ર મોદી વિરૂદ્ધ વડોદરા બેઠકથી મેદાનમાં ઉતર્યા બાદ તૈયારીના ભાગરૂપે કાર્યકરો સાથે વાતચીતમાં વ્યસ્ત બન્યા

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ નેતા મધુસુદન મિસ્ત્રી એકાએક ફરી પ્રકાશમાં આવી ગયા છે. લોકસભાની ચૂંટણી માટે વડોદરામાંથી કોંગ્રેસે તેમને મેદાનમાં ઉતાર્યા બાદથી મધુસુદન મિસ્ત્રી ભારે ચર્ચામાં છે. મધુસુદન મિસ્ત્રીએ આજે દાવો કર્યો હતો કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માત્ર વડોદરામાંથી જ હારનો સામનો કરશે નહીં બલ્કે વારાણસીમાંથી પણ મોદીને હારનો સામનો કરવો પડશે. ૬૯ વર્ષીય મિસ્ત્રીએ ભાજપના ઉમેદવાર મોદી સામે આકરા પ્રહારો કર્યા હતા. વડોદરા બેઠક હવે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરીએ તેમની તૈયારીના ભાગરુપે પક્ષના કાર્યકરો સાથે વાતચીત પણ શરૂ કરી દીધી છે.

વડોદરામાંથી તેમની ઉમેદવારી અંગે મિસ્ત્રીએ કહ્યું છે કે, મોદી અન્ય ઉમેદવારોની જેમ છે. ભૂતકાળમાં પણ કોંગ્રેસ જંગી અંતરથી જીત મેળવવામાં સફળ રહી છે. મોદીની જેમ જ તેઓ વડોદરાની બહારના નથી. કોંગ્રેસના કાર્યકરો અને ગુજરાતના તમામ ભાગોમાંથી નેતાઓ મોદીને હરાવવા માટે વડોદરામાં ચૂંટણી પ્રચાર કરવા આવનાર છે. મિસ્ત્રીએ કહ્યું હતું કે જે લોકો કોંગ્રેસ મુક્ત ભારત બનાવવાની વાત કરી રહ્યા છે તે લોકો ઈતિહાસ જાણતા નથી. હિટલર અને અન્ય સરમુખ્યારશાહી પણ લોકોના અવાજને દબાવી શક્યા નથી. મોદી લેવલ પ્લેઈંગ ફિલ્ડમાં રમી રહ્યા નથી. ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં ભાજપ સપાટો બોલાવશે તેવા ઓપિનિયન પોલ અને સર્વે તેમજ ભાજપના દાવા સાથે મધુસુદન મિસ્ત્રી સહમત નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, મોદી બંને બેઠકો ગુમાવશે. અમને ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં ૨૦૦૯ની સરખામણીમાં વધારે બેઠક મળશે. મધુસુદન મિસ્ત્રીએ આક્રમક ચૂંટણી પ્રચાર કરવાની તૈયારી કરી લીધી છે. મિસ્ત્રી લાંબાસમયથી વડોદરા સાથે જોડાયેલા રહ્યા છે. વડોદરાની એમએસ યુનિવર્સિટીમાંથી જ તેઓ ગ્રેજ્યુએટ થયા હતા અને મોડેથી ઓક્સફોર્ડ અને અમેરિકામાં બોસ્ટનમાં શિક્ષણ મેળવવા પહોંચ્યા હતા.

# રાજ્યના સહકારી આગેવાનો અંતે ભાજપમાં સામેલ થયા

### ઘનશ્યામભાઈ સાથે અનેક સહકારી સંસ્થા સાથે જોડાયેલા સંખ્યાબંધ આગેવાનોને પણ ખેસ પહેરાવી સામેલ કરાયા



અમદાવાદ,તા. ૩૦

ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આજે પત્રકાર પરિષદમાં ગુજરાતના સહકારી આગેવાનો અને વડોદરા જિલ્લાના કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાઈ ગયા હતા. ભાજપના કેન્દ્રિય કિસાન મોરચાના પ્રભારી પરષોત્તમભાઈ રૂપાલાએ તમામને ખેસ પહેરાવીને આવકાર્યા હતા.

રાષ્ટ્રીય સહકારી આગેવાન ઘનશ્યામભાઈ અમીનને પણ ખેસ પહેરાવી ભાજપમાં આવકારવામાં આવ્યા હતા. પરષોત્તમ રૂપાલા ઉપરાંત નરહરી અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદમાં કોષાધ્યક્ષ સુરેન્દ્ર પટેલ, પ્રવક્તા આઈકે જાડેજા, પૂર્વ સહકારપ્રધાન દિલીપભાઈ સાંઘાણીનીહાજરીમાં રાષ્ટ્રીય સહકારી આગેવાન ઘનશ્યામભાઈ અમીનની સાથે અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા સંખ્યાબંધ આગેવાનો ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત વડોદરા જિલ્લા વાઘોડિયા વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ૨૦૧૨ના ઉમેદવાર જયેશભાઈ પટેલ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

આ પ્રસંગે પરષોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીની જાહેરાત થઈ ત્યારથી અનેક આગેવાનો મોદીને સમર્થન આપવા માટે આગળ આવી રહ્યા છે. તેવી જ રીતે સહકારી ક્ષેત્રના આગેવાનો ભાજપમાં જોડાયા છે તેમને હું આવકારું છું. રૂપાલાએ કહ્યું હતું કે, સહકારી ક્ષેત્રે ગૌરવ લઈ શકાય તેવું માળખું છે. સહકારી ક્ષેત્રના આગેવાનો ભાજપમાં જોડાય છે તેનો આનંદ છે. રાષ્ટ્રીય સ્તરે સહકારી સંમેલનોમાં ગુજરાતની સ્થિતિ ખુબ સારી રહી છે.

# રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતમાં આવેલા આંગણવાડી કેન્દ્રોમાં વિજળી, પાણી અને સંડાસ બાથરૂમ જેવી પાયાની સુવિધાઓના અભાવને કારણે આંગણવાડીમાં આવતા નાના ભુલકાઓને ઉનાળાની અસહ્ય ગરમીનો ભોગ બનવો પડે છે અને ઉપરથી પીવાના પાણીની સુવિધાઓ ન હોવાથી તરસે મરવાનો વારો આવે છે ત્યારે બીજી બાજુ તંત્ર નાના ભુલકાઓની તકલીફો સામે આંખ આડા કાન કરી રહ્યું છે.

એક તરફ ગુજરાતને વિકાસના મોડેલ તરીકે સમગ્ર વિશ્વમાં રજૂ કરવામાં આવી રહ્યું છે ત્યારે આવતીકાલનું દેશનું ભવિષ્ય ગણાતા આજના નાના ભુલકાઓ પ્રત્યે ગુજરાત સરકારની દરકાર વિકાસની વાતોને ચાડી ખાય છે. રાજ્યમાં આવેલ આંગણવાડી કેન્દ્રોની વાત કરીએ તો રાજ્યમાં આવેલા કુલ ૨૪૦૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રોમાંથી માત્ર ૯૦૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રો પર જ વિજ કનેક્શન છે.

બાકીની આંગણવાડીઓમાં વિજ જોડાણ નથી અને જે આંગણવાડીઓમાં વીજ જોડાણ અપાયા છે ત્યાં લાઈટ કે પંખા લગાવાયા નથી, જેના કારણે આંગણવાડીઓમાં આવતા નાના ભુલકાઓને ઉનાળાની અસહ્ય ગરમીનો ભોગ બનવું પડે છે તો બીજી તરફ રાજ્યની ૨૪૦૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રોમાંથી માત્ર ૫૦૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રો પર પાણીનું જોડાણ છે અને તેમાં પણ મોટાભાગના પાણીના જોડાણોમાં નળ ખરાબ હોવાના અથવા ચકલી તુટી ગઈ હોવાના કારણે પાણી આવે છે કે નહિ તે એક સવાલ છે. આંગણવાડીમાં આવતા ત્રણથી પાંચ વર્ષના ભુલકાઓ હેંડ પંપની કેવી રીતે હલાવીને પાણી પી શકે. બાકીની આંગણવાડીઓમાં તેડાગર બહેન આસપાસના વિસ્તારમાંથી પાણી ભરી લાવીને બાળકોને પીવડાવે છે. ત્રીજી પાયાની સુવિધા એટલે કે શૌચાલય, રાજ્યની ૨૪૦૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રોમાંથી માત્ર ૭૦૦૦ આંગણવાડીઓમાં જ સંડાસ બાથરુમ હોવાનું પેપર ઉપર બોલે છે. આવી અસુવિધાને કારણે બાળકો તો ખુલ્લામાં બેસી જાય પરંતુ આંગણવાડીના કર્મચારી બહેનો ક્યા જાય? કેટલીક આંગણવાડીઓ તો ભાડાના જર્જરીત મકાનમાં ચાલે છે.

## સરકારનો નિર્ધાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના શહેરો સંપૂર્ણ પણે સ્વચ્છ રહે જાહેર સ્થળો અને શહેરોમાં પર્યાવરણ જળવાઈ રહે, લોકોને નાગરિક સુખાકારીની સુવિધાઓ મળે તે ઉદ્દેશને ધ્યાને લઈને રાજ્યમાં શહેરો માટે ઝીરો વેસ્ટ પોલીસીનું નિર્ધારણ કરવામાં આવશે. ઝીરો વેસ્ટ પોલીસીનું અમલીકરણ કરવા માટે રાજ્યની તમામ મહાનગરપાલિકા તથા નગરપાકિઓમાં તમામ જોગવાઈઓને આવરી લઈને સર્વગ્રાહી પબ્લીક હેલ્થ બાળલોઝનું ઘડતર અને અમલીકરણ કરવામાં આવશે.

તમામ શહેરો માટે ૧૦૦ ટકા ઘર ઘરથી કચરો એકત્ર કરવાનું આયોજન અને અમલ કરવામાં આવશે. એકત્ર થયેલ કચરાનું ૧૦૦ ટકા પરિવહન તથા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે. કચરાનો વેસ્ટ તરીકે નહી પરંતુ ઉર્જા માટે સંસાધન તરીકે ઉપયોગ કરી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મારફતે ગ્રીન પાવર ઉત્પાદન કરવાનું આયોજન છે. તે ઉપરાંત કમ્પોસ્ટ અને અન્ય અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી આર્થિક ઉપાર્જનની સાથે સાથે શહેરોનું પર્યાવરણ સ્વચ્છ કરવામાં મદદ મળશે.

નગરપાલિકામાં સફાઈ વેરાની ૫૦ ટકાથી ઓછી વસુલાતના કિસ્સામાં ૫૦ ટકા મેચીંગ ગ્રાન્ટ, ૫૦-૭૫ ટકા વસુલાતના કિસ્સામાં ૧૦૦ ટકા મેચીંગ ગ્રાન્ટ અને ૭૫ ટકાથી વધુ વસુલાતના કિસ્સાઓમાં ૧૨૫ ટકા સહાય આપવામાં આવશે. આ કાર્યક્રમ અંગે શહેરો શહેરો વચ્ચે સફાઈ માટે તંદુરસ્ત હરિફાઈ ઉભી થાય અને ઉત્કૃષ્ઠ માપદંડો ઉભા થાય તે માટે સ્વચ્છતા માટે શહેરનું રેટીંગ કરવાનું અને સ્પર્ધા કરવાનું આયોજન છે અને સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારને સમયાંતરે એવોર્ડ પુરસ્કાર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# શહેરની ૧૧ શાળાના મેદાન ભાડામાં તોતિંગ વધારો થયો

અમદાવાદ,તા. ૩૦

ઔડા દ્વારા શહેરની ૧૧ શાળાઓને બાળકો માટે રમત ગમતના મેદાનો ઉચ્ચક રકમે ભાડે આપ્યા હતા. આ મેદાનો હવે મ્યુનિ. માલીકોના થઈ જતાં મ્યુનિ.એ બજાર ભાવે ભાડું વસૂલ કરી રૂપિયા એક કરોડથી વધુની આવક ઉભી કરવાનો અંદાજ માંડ્યો છે જેના કારણે ૧૧ શાળાઓને આપેલા મેદાનના ભાડામાં તોતિંગ વધારો કરાયો છે. મોટાભાગની શાળાના સંચાલકોએ નવું ભાડું ભરી દીધું છે જ્યારે કેટલીક શાળાઓએ નવા ભાડાનો વિરોધ કરી વેચાણથી આપવાની માગણી કરી છે. નોંધનીય છે કે, ૧૧ શાળા પાસે મ્યુનિ. તંત્ર જગ્યા પ્રમાણે ભાડું વસુલશે જેમાં એક લાખથી લઈ ૩૦ લાખ રૂપિયા સુધી ભાડું નક્કી કરવામાં આવ્યું છે. ઔડાની હદમાં ઘાટલોડિયા, બોડકદેવ, થલતેજ, મેમનગર અને વેજલપુરમાં પ્રાઈમ લોકેશન પર આવેલા પ્લોટ શહેરની ૧૧ શાળાઓને રમત ગમતના હેતુ માટે ઉચ્ચક રકમે ભાડા આપ્યા હતા. હવે આ વિસ્તાર મ્યુનિ. હદમાં ભેળવાઈ જતાં આ મેદાનોની માલિકી કોર્પોરેશનની થઈ ગઈ છે. મ્યુનિ. તંત્રએ આ ૧૧ શાળાના સંચાલકોને રૂબરૂમાં બોલાવી નવા ભાડા કરાર અંગે ચર્ચા કરી હતી અને બજાર ભાવે ભાડું વસૂલ કરવાનો નિર્ણય કર્યો હતો. મોટાભાગની શાળાઓએ મ્યુનિ. પાસે આ મેદાનો વેચાણથી લેવાની માંગણી કરી હતી પરંતુ મ્યુનિ. કમિશનરે આ માંગણી ધરાર ફગાવી દીધી હતી. જો શાળા સંચાલકોને આ મેદાનો વેચાણથી અપાય તો માલીકી માત્ર શાળાઓની જ રહી જશે અને અન્ય શાળાના બાળકોને આ મેદાનોનો લાભ નહીં મળે. માટે કમિશનરે આ માંગણીનો સ્વીકાર કર્યો નથી. કેટલીક શાળાઓએ નિયમ વિરુદ્ધ મેદાનને ફરતે કમ્પાઉન્ડ વોલ કરી દરવાજો નાંખી દેતા તેનો ભારો વિરોધ થયો છે. ઔડાએ જ્યારે આ મેદાનો શાળાઓને ભાડે આપ્યા ત્યારે પહેલી શરત ભંગ પણ કેટલીક શાળાઓએ કર્યો છે. આ અંગે મ્યુનિ. કમિશનર આગામી દિવસોમાં જે શાળાઓએ કમ્પાઉન્ડ વોલ કરી હશે તેને શરત ભંગની નોટિસ ફટકારશે. કેટલીક શાળાઓ નિયમ મુજબ કંઈ પણ ગેરકાયદેસર કર્યા વગર મેદાનોનો જાળવી રાખ્યા છે. આ શાળા સંચાલકો કોઈ ડોનેશન લેતા નથી તેવી શાળાઓને ભાડામાં રાહત આપવાની માંગ ઉઠી છે. ૧૧ શાળાઓએ અપાયેલા મેદાનની બજાર કિંમત અંદાજે રૂપિયા ૪૦ કરોડથી વધુ થાય છે. કરોડો રૂપિયાની આ જમીન ૫૦ ટકા ભાવે એજ્યુકેશન હેતુના નામે પડાવી લેવા કેટલાક સંચાલકો સક્રિય થયા છે.

## પ્રજા ઘણી આશાવાદી છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુપીએ સરકાર આવનાર સરકાર ઉપર અબજો રૂપિયાની સબસીડીનો મોટો બોજો નાંખીને જઈ રહી છે. અર્થશાસ્ત્રી એવા વડાપ્રધાન મનમોહનસિંહ તથા નાણામંત્રી પી. ચિદમ્બરમ હોવાથી લોકોને આશા હતી કે, ભારત પ્રગતિ કરશે. ફુગાવો ૪ ટકાથી વધીને બે આંકડા સુધી પહોંચીને હવે લગભગ ડબલ ૯.૫ ટકા સુધી થવા પામેલ છે. રિઝર્વ બેંકે ૧૭ વાર વ્યાજદરમાં વધારો કર્યો છે, પરિણામે મૂડીરોકાણ ઉપર અસર પડી રહી છે, મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ ઘટ્યો છે તથા રોકાણકારોનો વિશ્વાસ પણ ઘટ્યો છે. કોંગ્રેસ પક્ષ પાસે આ પ્રશ્નોનો કોઈ જવાબ નથી. કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારે જનતાનું કલ્યાણ કર્યું નથી. ઉલટાનું તેમના ભ્રષ્ટાનેતાઓનું કલ્યાણ થયું છે. કેન્દ્રની યુપીએ સરકારના પોલીસી પેરાલીસીસના કારણે ૧૨ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટો ભારત સરકારના મંત્રાલયોમાં સમન્વયનો અભાવને કારણે અટકી પડ્યા છે, ભાજપ-એનડીએની સરકાર આવશે ત્યારે અર્થવ્યવસ્થાને પુનઃ ઉન્નત સ્થાને લઈ જશે.

## સમીક્ષા બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈ.વી.એમ. મેનેજમેન્ટ તેમજ મોડેલ મતદાન મથકને લઈ વિશેષ ચર્ચા કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ સ્ટેટીક સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. તેને લઈ કેટલીક મહત્વની સૂચનાઓ આ બેઠકમાં આપવામાં આવે તેવી શક્યતાઓ છે. ફલાઈંગ સ્કવોડની કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં મતદારયાદી અંગે પણ ચર્ચાઓ કરવામાં આવે તેવી શક્યતાઓના નિર્દેશો મળી રહ્યા છે. ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે બે દિવસ બાકી છે ત્યારે વિવિધ અધિકારીઓની કીટ પણ તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

## શબ્દાવલી - ૫૩૫૩



**આડી ચાવી**

૧. આવવું તે, પધરામણી (૪)
૫. કાતરવાનું - લાકડું કાપવાનું સાધન (૪)
૬. શ્રીકૃષ્ણની પત્ની (૪)
૯. ભુંડ જેવું એક પ્રાણી (૩)
૧૦. નાગ, ફણીધર, મણીવાળો નાગ (૪)
૧૨. નાગ, ફણીધર, મણીવાળો નાગ (૪)
૧૪. લાગ, મોકો (૨)
૧૬. કામઠુ, ધનુષ્ય (૨)
૧૭. નાણા વાપરવા બદલ આપવો પડતો વધારો (૨)
૧૮. નીચો, વામન (૩)
૨૦. ક્રમાંક વાર, રકમની ગણતરી કરે તે (૫)
૨૧. થોડા વાળની સેર

**ઊભી ચાવી**

૨. નવાઇનો બનાવ (૪)
૩. શેષનાગ (૫)
૪. હવાલદાર, પોલીસ (૪)
૭. અડગ (૩)
૮. 'રણીધણી' આડુઅવળુ (૪)
૧૧. મોટી, ગજાવર (૪)
૧૩. અર્જુન શ્રેષ્ઠ... કહેવાતો (૪)
૧૫. સેના, ફોજ (૩)
૧૭. બેચેન (૩)
૧૯. જાત, નાત (૨)

### શબ્દાવલી ૫૩૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગગન (૪) અલવિદા (૬) જબરદસ્ત (૭) વેર (૮) બરબાદ (૯) સીંગતેલ (૧૧) આગ (૧૨) જાપાની (૧૪) ગઝલ (૧૬) ડમરૂં (૧૮) શમશેર (૨૧) તરખાટ (૨૨) મરીજ

**ઉભી ચાવી :-** (૧) ગજવેલ (૨) ગબરસીંગ (૩) નર (૪) અસ્તબલ (૫) દાઉદખાની (૧૦) તેજલ (૧૧) આવડત (૧૩) પાનશેરી (૧૪) ઝરૂખા (૧૫) કશ (૧૭) મર (૧૯) નમ (૨૦) રજ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદરખાને વિરોધ -વર્તિ રહ્યો છે. ભાજપમાં કોંગ્રેસ જેવો સડો ઘૂસી ચૂક્યો છે. પાર્ટીના -દેશ નેતાઓ એવું કહીને સંતોષ માને છે કે આ તો પાર્ટીનું કદ વધ્યું છે તેથી અસંતોષ સ્વાભાવિક છે. કોંગ્રેસમાં તો અણમાનિતાને ટિકીટ અપાય તો પાર્ટીના કાર્યાલયે તોડફોડ કરવામાં આવે છે, કમસે કમ ભાજપની ઓફિસમાં એવું થતું નથી, પણ મિડીયામાં વિરોધ જોરદાર વિરોધ કરવામાં આવે છે. પહેલા અમદાવાદના સાંસદ હરિન પાઠક અને પછી વલસાડના વગદાર નેતા કાનજીભાઈ પટેલ ઉત્તમ ઉદાહરણ છે. મિડીયામાં છવાઈને વિરોધ કર્યો પછી હાઈકમાન્ડના કહેવાથી માની પણ ગયા...!!

ગુજરાતના કાર્યકરો આજે એક જ વ્યક્તિનું માને છે... અને તે છે નરેન્દ્ર મોદી.. આ એક જ વ્યક્તિ એવો છે કે ગમે તે સમયે ઉઠાડીને પૂછે છે કે ચાલો, તૈયાર થઈ જાવ.. હરિન પાઠક તો રાષ્ટ્રીય -મુખને -ણામ કરીને આવ્યા અને પાર્ટીને મજબૂત બનાવવાના સૂચનો પણ કરી દીધાં, પણ કાનજીભાઈ પટેલ સાથે મોદીએ વાત કરતાં ભાજપના ઉમેદવારને ટેકો આપતો પત્ર પણ લખી નાંખ્યો... રાજકોટના પૂર્વ સાંસદ વલ્લભ કથિરીયા માટે એવું કહેવાય છે કે તેઓ કેશુભાઈ પટેલના ભક્ત હતા. આજે તેઓ મોદીની ટીમમાં સામેલ છે. તેમને પાછા લાવવાનો નિર્ણય કર્યો તો, ચાર પાનાનો પત્ર લખી પાને પાને માફી માગી હતી...કાર્યકર્તાઓમાં એવી ચર્ચા છે કે મોદી કહે તો અમારે માની જવાનું હોય...!

**મોદીએ બીજાઁ સરદાર શોધી કાઢ્યા...**

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બીજા સરદાર શોધી કાઢ્યા છે. હકીકતમાં નહી પણ ફિલ્મમાં સરદારનું પાત્ર ભજવ્યું હતું તે ફિલ્મસ્ટાર પરેશ રાવલને લોકસભાના એમપી બનાવવાનું બીડું મોદીએ ઝડપ્યું છે. આમ પણ સાત ટર્મથી અમદાવાદના મતદારો એકના એક ઉમેદવારને જોઈને કંટાળી ગઈ હતી. આ વખતે -થમવાર નવા ઉમેદવાર મળ્યા છે તેથી વોટીંગ ઉંચું જવાની શક્યતા છે. તેમની સામે કોંગ્રેસે ઘસાયેલો-હારેલો-થાકેલો ઉમેદવાર મૂક્યો છે. કોંગ્રેસના જ એક નેતાએ કહ્યું હતું કે હિમ્મતસિંહને ચૂંટણી ખર્ચ કરવાની જરૂર નથી, કારણ કે પરેશ રાવલનું બિનહરીફ જેવું છે... ખાસ્સી મોટી લીડથી તેઓ લોકસભાની ચૂંટણી જીતી જશે...

બોલીવુડની દુનિયાના કોમિડિયન થી લઈને વિલન સુધીની ભૂમિકાઓ ભજવવામાં પહેશ રાવલનું નામ ઘણું જાણીતું છે. ગાંધીનગરના પાસેના પલિયડ ગામના વતની એવા પરેશ રાવલ ઘણું સારૂં ગુજરાતી બોલી જાણે છે. ૩૦ મે- ૧૯૫૦ના રોજ જન્મેલા પરેશ રાવલે ૧૯૮૪માં કેતન મહેતાની ફિલ્મઁ હોલી મારફતે બોલીવુડની દુનિયામાં -વેશ કર્યો હતો. ૧૯૯૨માં આવેલી તેમનીઁ સરદાર ફિલ્મ નોંધપાત્ર રહી હતી. આ ફિલ્મમાં પરેશ રાવલે સ્વાતંત્ર્ય સેનાની એવા વલ્લભભાઈ પટેલનો રોલ કર્યો હતો. આ જ અરસામાં આવેલીઁ માયા મેમસાબ ફિલ્મમાં તેમનો અભિનય વખણાયો હતો. ૨૦૦૦ની સાલમાં તેઓ કોમેડિયન તરીકે -સ્થાપિત થયા હતા. પરેશ રાવલેઁ બેસ્ટ કોમેડિયન અનેઁ બેસ્ટ વિલન નો એવોર્ડ જીત્યો છે. એ ઉપરાંત ફિલ્મ સરદાર અને તમન્ના માટે રાષ્ટ્રપતિના હસ્તે નેશનલ એવોર્ડ એનાયત થયો છે..

**૪૮ ટકા મતદારો મહિલા છતાં ઉમેદવારો ક્યાં..?!**

ગુજરાતમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૪૯ ટકા છે છતાં બન્ને મુખ્ય પાર્ટીઓએ મહિલા ઉમેદવારોની ઉપેક્ષા કરી છે. ૫૦ ટકા મહિલા અનામતની વાતો કરતા રાજનેતાઓએ ૩૩ ટકા મહિલાઓને પણ લોકસભાની ટીકીટ આપી નથી. સામાન્યરીતે જ્ઞાતિના -ભુત્વને મહત્વ આપતા આપણા નેતાઓ એ ભૂલી જાય છે કે ૩.૯૮ કરોડ મતદારોમાં ૨.૦૮ કરોડ પુરૂષ અને ૧.૯૦ કરોડ મહિલા મતદારો છે. એ હિસાબે જોઈએ તો રાજયની ૨૬ પૈકી ૧૨ બેઠકો મહિલાઓને આપવી જોઈએ પણ ના, એમ થતું નથી... વાતો કરવામાં આવે છે પણ અમલમાં મૂકવાનો -યાસ ક્યારેય કોઈ ચૂંટણીમાં થયો નથી...

પાર્ટીએ ક્ષત્રિય ઉમેદવારને મૂક્યો નથી તેથી આ વખતે મત આપવો નથી, પાર્ટીએ ઠાકોરની ઉપેક્ષા કરી છે... બ્રાહ્મણોને દૂર રાખ્યા છે.. આવી જાતજાતની વાતો વિવિધ સમાજના આગેવાનો તરફથી થાય છે પણ ક્યારેય મહિલાઓએ સમૂહમાં એમ કહ્યું નથી કે અમારી ઉપેક્ષા થઈ રહી છે... અહીં મહિલાઓ તેમની શાલિનતા બતાવે છે. લેટ ગો.. કરવાની ભાવના છે તે દેખાઈ આવે છે...વિશ્વમાં થયેલા તમામ સર્વેમાં એક કહીકત એવી સામે આવી છે કે જયાં મહિલાઓનું શાસન છે ત્યાં ભ્રષ્ટાચારની માત્ર ઘણી ઓછી જોવા મળી છે... કદાચ, આ જ કારણથી પાર્ટીઓ મહિલાઓને ટિકીટ ઓફર કરતી નથી....!!

**દિલ્હીમાં ઝળકેલા ગુજરાતના ૨૫ વિરલા ....**

ગુજરાતનો સંસદસભ્ય દિલ્હીમાં જઈને શું કરે છે તેનો હિસાબ ભલે મતદારોને મળતો ન હોય, ગુજરાતનું વજન દિલ્હીમાં કેવું પડે છે તે બહુ મહત્વનું છે. આઝાદી પછી એકમાત્ર સરદાર વલ્લભભાઈ પટેલ હતા જેમનું વજન દિલ્હીમાં હતું, એમણે ગુજરાત જ નહીં દેશ માટે જે કર્યું છે તે બીજા કોઈ લિડર કરી શક્યા નથી. દેશના નાયબ વડા-ધાન અને દેશના ગૃહમંત્રી તરીકેની ફરજો તેમણે અદા કરી હતી. ૧૯૫૧?? પહેલી લોકસભાના સ્પીકર બનવાનું ગૌરવ ગુજરાતના જી.વી.માવલંકરને જાય છે. એવી જ રીતે ગુલઝારીલાલ નંદા કે જેઓ ગુજરાતમાંથી ચૂંટણી લડીને જવાહરલાલ નહેરૂ તેમજ લાલ બહાદુર શાસ્ત્રીના સમયમાં દેશના કાર્યકારી વડા-ધાન બન્યા હતા.

આ ગુજરાત છે જેમણે ૧૯૭૭માં મોરારજી દેસાઈને વડા-ધાન બનાવ્યા હતા. દેશના રાજકારણમાં સર્વોચ્ચપદે બેસવાનું સૌભાગ્ય સૌથી વધુ ઉત્તર-દેશને મળ્યું છે. યુપીએ દેશને ૧૩ પૈકી આઠ પીએમ આપ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે પાછલા ૬૩ વર્ષમાં ગુજરાતમાંથી સંસદસભ્ય બની ચૂકેલા ૨૨૫ જેટલા નેતાઓ પૈકી ૨૫ એવાં સંસદસભ્યો છે જેમણે યુનિયન કેબિનેટમાં -તિનિધિત્વ કર્યું છે. ભાજપ શાસિત એનડીના છ વર્ષના શાસનમાં છ સંસદસભ્યો કેબિનેટમાં સ્થાન પામ્યા છે. બાકીના ૧૯ સંસદસભ્યોએ કોંગ્રેસના શાસનમાં રાજ કર્યું છે.

**કોગ્રેસે વિપક્ષના નેતા નક્કી કરી દીધા....**

ગુજરાત કોંગ્રેસે વિરોધપક્ષના નેતાનો -હલ કરી દીધો છે. હાલના વિપક્ષના નેતાને લોકસભા લડાવીને તેમને દિલ્હી લઈ જવાનો તખ્તો ઘડી કાઢ્યો છે. પાર્ટીના એક નેતાએ કહ્યું હતું કે જો શંકરસિંહને લોકસભા લડાવવાની હતી તો વિઠ્ઠલ રાદડિયાને વિપક્ષના નેતા બનાવી દીધા હોત તો આજે સૌરાષ્ટ્રના પટેલ સમાજમાં કોંગ્રેસની આબરૂ અને મતોનું ધોવાણ થયું ન હોત, લોકસભાની ચૂંટણીમાં આ મજબૂત પટેલ નેતા કોંગ્રેસને ફાયદો કરાવી શક્યા હોત.. પરંતુ અફસોસ.. આજે આ નેતા ભાજપને મજબૂત બનાવી રહ્યાં છે...

હંમેશા ભાવનગરમાંથી વિધાનસભાની ચૂંટણી લડતા શક્તિસિંહ ગોહિલ વિધાનસભાની ૨૦૧૨માં ચૂંટણી હારી ચૂક્યા હતા, હવે તેમને પાર્ટીએ કચ્છના અબડાસા વિધાનસભાની બેઠક આપી છે. આ બેઠકની પેટા ચૂંટણીમાં જો શક્તિસિંહ ગોહિલ વિજયી બનશે તો પાર્ટી તેમને વિરોધપક્ષના નેતા બનાવશે તે નક્કી છે... પાર્ટીના કાર્યાલય ઉપર આ ચર્ચા ચાલતી હતી ત્યારે એક કાર્યકર્તાએ એવો -કર્યો કે હાઈકમાન્ડે શક્તિસિંહને તો ઠેકાણે પાડી દીધા, પરંતુ અર્જુન મોઢવાડિયા અને સિદ્ધાર્થ પટેલનું શું... તેઓ એમએલએ નથી અને એમપી પણ બની શકતા નથી...ખેર, શંકરસિંહે તો તેમની રાજકીય સલામતી ગોઠવી દીધી છે...

**સર્વે કહે છે, કોગ્રેસ મુક્ત ગુજરાત શક્ય નથી...**

ભાજપના વડા-ધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી કોંગ્રેસ મુક્ત ભારત નું સ્વપ્ન જુએ છે પરંતુ તેઓને આંચકો લાગે તેવું વાતાવરણ હજી ગુજરાતમાં -વર્તિ રહ્યું છે. બન્ને પાર્ટીના તમામ ઉમેદવારોની ઘોષણા થઈ ચૂકી છે, રાજકીય સર્વે કહે છે કે ગુજરાતમાં કોંગ્રેસને હજી પણ પાંચ થી સાત બેઠકો મળવાની શક્યતા છે. એટલે કે મોદી ૨૬ પૈકી ૨૪ કે ૨૫ બેઠકો જીતવા માગે છે પણ મિશન હજી દૂર છે... ગુજરાતમાં એવી પાંચ બેઠકો છે જયાં કોંગ્રેસના ઉમેદવારો (પાર્ટીમાં જૂથબંધી ન હોય તો) ચૂંટણી જીતી જાય તેમ છે. ત્રણ બેઠકોમાં જીતની ટકાવારી ફિફ્ટી ફિફ્ટી છે....